**નવી વર્ધિત પેન્શનયોજના અન્વયે ફરજ બજાવતા કર્મચારી / અધિકારીને વખતોવખત લેણી અને મળવાપાત્ર રકમની ચુકવણી માટે નિયુક્તિ અંગે**

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : એનપીએમ-1020103-થુ-23-5

સચિવાલય, ગાંધીનગર, તા. 16-05-2014

*વંચાણમાં લીધા :-*

*(1) નપન-2003/જીઓઆઈ/10/પી, તા. 18-03-2005.*

*(2) નપન-2003/જીઓઆઈ/10/પી, તા. 06-06-2005.*

*(3) હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરીનો પત્રક્રમાંક : હિતિનિ/શાસન/બિરાપ-2/ કા.પે.ખા.નં./4089, તા. 12-07-2013.*

**પ્રસ્તાવના:-**

કર્મચારીના ચાલુ નોકરીમાં નિવૃત્તિ પહેલા અને નિવૃત્તિ બાદ અવસાન થતાં, નાણાં વિભાગના તા. 23-06-2000ના ઠરાવક્રમાંક : ડીપીપી-1099-496-945-(4)-પી, માં ઠરાવ્યા મુજબની વિવિધ પ્રકારની લેણી અને ચુકવવાપાત્ર રકમ ચુકવવા બાબતે જોગવાઇ કરવામાં આવેલ છે.

નવી વર્ધિત પેન્શનયોજના અન્વયે ફરજ બજાવતા કર્મચારીને વખતોવખત નક્કી થયા મુજબ S1 Form ના Section C માં Nomination અંગેની વિગતો મોકલી આપવાની હોય છે, પરંતુ આ નોમીનેશનમાં કેટલાક કિસ્સાઓમાં કર્મચારી પરિણીત હોવા છતાં કુટુંબના સભ્યોની વારસદાર તરીકે નિમણૂક કરવાને બદલે કુટુંબના અન્ય સભ્યોની નિમણૂક કરતા જણાયેલ છે. આથી કાળજીપૂર્વક પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ-

નવી વર્ધિત પેન્શનયોજના હેઠળ ફરજ બજાવતા અધિકારી / કર્મચારીને વખતોવખત લેણી અને ચુકવવાપાત્ર થતી રકમ ચુકવવા માટે S1 Form ના Section C માં કુટુંબના સભ્યોની વારસદાર તરીકે નિયુકિત માટે નીચે જણાવ્યા મુજબ પદ્ધતિ અનુસરવાની રહેશે.

**જૂથ-1**

(1) પતિ / પત્ની
(2) અપરિણીત પુત્ર
(3) પરિણીત પુત્ર
(4) અપરિણીત પુત્રી
(5) પરિણીત પુત્રી
(6) અગાઉ અવસાન પામેલ પુત્રના બાળકો
(7) વિધવા પુત્રી
(8) અગાઉ અવસાન પામેલા પુત્રની વિધવા

*નોંધ:- પુત્ર / પુત્રી એટલે ઔરસ પુત્ર / પુત્રી અને તેમાં કર્મચારીનો અંગત કાયદા હેઠળ દત્તક વિધાન માન્ય થયું હોય તો દત્તક લીધેલા પુત્ર / પુત્રીનો સમાવેશ થાય છે.*

**જૂથ-2**

(9) 18 વર્ષની નીચેના ભાઇ
(10) અપરિણીત બહેનો
(11) વિધવા બહેનો
(12) પિતા
(13) માતા

2. નવી વર્ધિત પેન્શનયોજના અન્વયે ફરજ બજાવતા કર્મચારીએ નિયુકિતના ફોર્મ Annexure S1 ના Section C માં નોમીનેશન કરવાના રહેશે.

3. **નવી નિયુક્તિનાં ફોર્મ:-** તા. 01-04-2005 ના રોજ કે ત્યારબાદ સરકારી નોકરીમાં જોડાનાર તથા નવી વર્ધિત પેન્શનયોજનામાં સમાવિષ્ટ દરેક અધિકારી / કર્મચારીએ આ સાથેના ફોર્મ Annexure S1 ના Section C માં નીચેની શરતોએ નવેસરથી નિયુકિત કરવાની રહેશે.

1) કર્મચારી જૂથ-1ના કુટુંબના સભ્યોની તરફેણમાં જ કરી શકશે.
2) જૂથ-1ના કુટુંબનો કોઇપણ સભ્ય ન હોય તેવા કર્મચારી જૂથ-2માં દર્શાવેલ કુટુંબના સભ્યોની તરફેણમાં નિયુકિત ફોર્મ ભરી શકશે.
3) કર્મચારીને જૂથ-1 કે જૂથ-2નો કોઇપણ કુટુંબ સભ્ય ન હોય તો તે અન્ય વ્યકિતની તરફેણમાં નિયુકિત કરી શકશે. આ પ્રમાણે કુટુંબના સભ્ય સિવાયની વ્યકિતની તરફેણમાં કરવામાં આવેલી નિયુકિત કર્મચારીને જૂથ-1ના કુટુંબનો સભ્ય / સભ્યો થયેથી આપોઆપ રદ થયેલી ગણાશે અને કર્મચારીને જૂથ-1ના કુટુંબના સભ્ય / સભ્યોની તરફેણમાં નવી નિયુકિત આપવાની રહેશે.
4) નિયુકિત કચેરીના વડાને આપવાની રહેશે અને કર્મચારીએ તેની પહોંચ મેળવવાની રહેશે.
5) કર્મચારી કોઇપણ સમયે અગાઉ કરવામાં આવેલી નિયુકિત રદ કરીને નવી નિયુકિત આ ઠરાવની શરતોને આધીન કરી શકશે અને તે નવી નિયુકિત તેમની કચેરીના વડાને મળ્યા તારીખથી અમલમાં આવશે.
6) નિવૃત્તિ સમયે પણ કર્મચારી નવેસરથી નિયુકિત આપી શકશે અને નવી નિયુકિત તે સમયે સામેલ કરવાની રહેશે. આ પ્રમાણેની નવી નિયુકિત કરવાથી અગાઉ અપાયેલ નિયુકિત / નિયુકિતઓ આપોઆપ રદ થયેલી ગણાપાત્ર થશે.
7) કર્મચારીએ વખતોવખત કરેલ નિયુકિત તેની સેવાપોથીમાં ચોંટાડવામાં આવશે.
8) આ ઠરાવ હેઠળ નવી નિયુકિત કરવામાં ન આવે ત્યાં સુધી આ ઠરાવ અમલમાં આવતા પહેલા કર્મચારીએ કરેલી નિયુકિત માન્ય રહેશે.

4. **નવી નિયુક્તિ માટે સમયપત્રક:-** દરેક કચેરીના વડાએ આ સાથેના ફોર્મમાં તા. 01-04-2005ના રોજ કે ત્યારબાદ સરકારી નોકરીમાં જોડાનાર દરેક કર્મચારી પાસેથી નવેસરથી Annexure S1 ના Section C માં નિયુક્તિ મેળવી લેવાની અને તેની સેવાપોથીમાં ચોંટાડવાની કાર્યવાહી તાત્કાલિક શરૂ કરી તા. **31-03-2015** પહેલા પૂરી કરી ખાતાના વડાને તે બાબતની જાણ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, ડૉ. આર. જી. જોષી
સંયુક્ત સચિવશ્રી, નાણાં વિભાગ

* * *